**મે. સુરતના પાંચમાં અધિક સિવિલ જજ અને ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સાહેબશ્રીની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૯૧૪૩૯/૨૦૨૩**

**આંક –**

ફરીયાદીઃ – શ્રી સરકાર

વિરુદધ

આરોપીઃ – (૧)ઉમેશસીંગ ગોવરીસીંગ સીંગ
(૨) રાજકુમાર દયારામ યાદવ
(૩) દિપકકુમાર હરીહરલાલ માધવ
(૪) ઉમેશકુમાર રામ સજીવન કેવટ
(૫) અશ્વિન ઉદયસીંગ રાજપુત
(૬) જીતેન્દ્રકુમાર જીવાભાઈ ચૌધરી
(૭) બ્રિજેશભાઈ રમેશભાઈ ચોરસીયા
(૮) સંદિપ નનકાવન પ્રજાપતી
તમામ રહે. સુરત

**// ચુકાદો //**

ફરીયાદ પક્ષનાં આક્ષેપ મુજબ આ કામના આરોપીઓ જાહેરમાં પોતાના અંગત લાભ સારુ જુગાર રમી રમાડી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ, જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે.

આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ આપી ત્યાર બાદ આરોપીઓ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતા આરોપીઓની પ્લી લઇ તેને પુછતા આરોપીઓ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આરોપીઓ કરેલી કબુલાત એ કોઈના દાબ, દબાણ વગર સ્વેચ્છાએ કરેલ હોય તે નહી માનવા માટે મને કોઇ કારણ જણાતું નથી. આરોપીઓને સજા અંગે પુછતા જણાવેલ છે કે, આરોપીઓનો પ્રથમ ગુનો છે અને તે સાથે ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકીકત અને સજાની જોગવાઇ જોતા ન્યાયના હિતમાં આરોપીઓની કબુલાત સ્વીકારી નીચે મુજબ હુકમ કરુ છુ.

**// હુકમ //**

આ કામના પ્રત્યેક આરોપીઓને ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૫૨ અન્વયે જુગાર ધારની કલમ –૧૨ નાં ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા. ૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) લેખેનો દંડ, જો દંડ ના ભરે તો દિન – ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલની ચલણી નોટો સરકાર ખાલસા કરવી અને જુગારનાં સાહીત્યનો નાશ કરવો તથા મુદ્દામાલ (વાહન / મોબાઈલ ફોન) અંગે અગાઉ કરવામાં આવેલ વચગાળાનો હુકમ કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન જો પરત કરવામાં આવેલ ન હોય તો આ વાહનના મુળ માલીકની ખરાઈ કરી પરત કરવનો તથા તે લગત પો.સ્ટે. યાદી કરવાનો હુકમ કરવામાં આવે છે.આરોપીનાં જામીનખત તેમજ જાતમુચરકો ૬ માસ બાદ રદ ગણવા.

હુકમ આજરોજ ખુલ્લા ન્યાયાલયમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯/૧૨/૨૦૨૩
સુરત.

(કે. એ. મારવાહા)
પાંચમાં અધિક સિવિલ જજ અને
ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ, સુરત
કોડ નં. જીજે–૦૧૫૫૮